સાપ્તાહિક

# ક્રાઈમ કિંગ

CRIME KING (weekly)

EDITOR : NIKITA R. SAXENA

(MO) 98796 16556

E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392

PRINTED MATTER

To, ____________________

____________________

____________________

✱ AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

* YEAR : 9 * Issue No.51 * Date : 07-04-2023 * Friday * Page No. 4 Rs. 01.00 * Annual Rs.50/-

# સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે ‘ખાદી ફેસ્ટિવલ ૨૦૨૩’નું ભવ્ય આયોજન





ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય, ભારત સરકાર દ્વારા આયોજિત ‘ખાદી ફેસ્ટિવલ ૨૦૨૩’નું ઉદ્‌ઘાટન ૨૨-૩-૨૦૨૩ના રોજ સાંજે સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ ‘ખાદી ફેસ્ટિવલ ૨૦૨૩’માં દેશભરમાંથી ૫૦ ખાદી સંસ્થાઓ અને ૭૫ **PMEGP** એકમોએ ભાગ લીધો છે. આ ખાદી ફેસ્ટિવલ ૩૦ માર્ચ, ૨૦૨૩ સુધી ચાલશે, જેમાં **BUYER-SELLER MEET** અને ખાદી ફેશન શો નું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઉદ્‌ઘાટન સમારોહમાં ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના માનનીય અધ્યક્ષ શ્રી મનોજ કુમાર, ગુજરાત સરકારના કુટીર ઉદ્યોગ રાજ્યના માનનીય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શ્રી ભટ્ટ, ખાદી સંસ્થાઓના પ્રતિનિધિઓ, કપાસ- વણકરો, **PMEGP** યુનિટ ધારકો અને અન્ય ઘણા મહાનુભાવો.લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ખાદી સંસ્થાઓ ને વેચાણ કરવા યોગ્ય દિશા અપાઈ હતી સ્ટેટ ડાયરેકટર શ્રી સંજય હેડવ, તથા **KVIC** ના સંપૂર્ણ સ્ટાફે ખુબજ મહેનત કરી અને ખાદી સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત ને ખુબજ સહયોગ કર્યો હતો.

આ પ્રદર્શનમાં, વિવિધ રાજ્યોની ખાદી સંસ્થાઓ, ગ્રામ્ય ઉદ્યોગો અને **PMEGP** એકમો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનોની વિશાળ શ્રેણી પ્રદર્શિત કરવામાં આવી છે, જે આપણા પ્રસિદ્ધ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના “આત્મનિર્ભર ભારત” ના વિઝનને પ્રોત્સાહન આપવા સાથે, ખાદી પ્રદેશના કારીગરો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનોને બજાર પ્રદાન કરવામાં, તેમની કલા અને સંસ્કૃતિને ઓળખ અપાવવામાં મદદરૂપ થશે. આ ‘ખાદી ઉત્સવ’ પ્રદર્શન દેશની સાંસ્કૃતિક વિવિધતા અને ગ્રામીણ ભારતની સમૃદ્ધિનું પ્રતિબિંબ છે, જેમાં ખાદી પ્રેમીઓ, ગ્રાહકોને દેશના વિવિધ રાજ્યોની વૈવિધ્યસભર સંસ્કૃતિ, પરંપરાગત-કલાઓ સાથે રૂબરૂ થવાની તક મળશે.

# RBIએ રેપો રેટમાં ફેરફાર નહી કરતા આમ આદમીને રાહત થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

રિઝર્વ બેંક આજે નવા નાણાકીય વર્ષની પ્રથમ નાણાકીય નીતિ રજૂ કરી રહ્યા છે. નાણાકીય નીતિ હેઠળ, **RBI** ગવર્નર શક્તિકાંત દાસ આજે રેપો રેટ, રિવર્સ રેપો રેટ તેમજ વૃદ્ધિ દર, ફુગાવાના ડેટા અને અંદાજો રજૂ કરી રહ્યા છે. ત્રણ દિવસની બેઠક બાદ આજે એટલે કે ગુરુવારે મોનેટરી પોલિસી કમિટીના પરિણામની ગવર્નર દ્વારા જાહેરાત કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે, ગયા વર્ષે મે ૨૦૨૨ થી, રિઝર્વ બેંકે ટોચના ફુગાવાને નિયંત્રિત કરવા માટે રેપો રેટમાં સતત છ વખત વધારો કર્યો છે. જો આજે આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસ અપેક્ષા મુજબ સાતમી વખત દરમાં વધારાની જાહેરાત કરે છે, તો પોલિસી રેટ સાત વર્ષની ટોચે પહોંચી જશે. નાણાકીય નીતિ દર બે મહિને મળે છે. ગયા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની પ્રથમ બેઠક એપ્રિલ-૨૦૨૨માં યોજાઈ હતી. ત્યારબાદ આરબીઆઈએ રેપો રેટને ૪% પર સ્થિર રાખ્યો હતો, પરંતુ ૨ અને ૩ મેના રોજ, આરબીઆઈએ ઈમરજન્સી મીટિંગ બોલાવી અને રેપો રેટ ૦.૪૦% વધારીને ૪.૪૦% કર્યો. રેપો રેટમાં આ ફેરફાર ૨૨ મે ૨૦20 પછી થયો છે. આ પછી, ૬ થી ૮ જૂનના રોજ યોજાયેલી બેઠકમાં, રેપો રેટમાં ૦.૫૦% નો વધારો કરવામાં આવ્યો હતો. આનાથી રેપો રેટ ૪.૪૦% થી વધીને ૪.૯૦% થયો. પછી ઓગસ્ટમાં તેમાં ૦.૫૦%નો વધારો કરીને તેને ૫.૪૦% કરવામાં આવ્યો. સપ્ટેમ્બરમાં વ્યાજ દર વધીને ૫.૯૦% થઈ ગયા. ત્યારબાદ ડિસેમ્બરમાં વ્યાજ દર ૬.૨૫% પર પહોંચી ગયા. આ પછી, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે છેલ્લી નાણાકીય નીતિની બેઠક ફેબ્રુઆરીમાં યોજાઈ હતી,

જેમાં વ્યાજ દર ૬.૨૫% થી વધારીને ૬.૫૦% કરવામાં આવ્યા હતા. રેપો રેટ એ દર છે જેના પર આરબીઆઈ બેંકોને લોન આપે છે. બેંકો આ લોનથી ગ્રાહકોને લોન આપે છે. નીચા રેપો રેટનો અર્થ એ છે કે બેંક તરફથી ઘણી પ્રકારની લોન સસ્તી થઈ જશે, જ્યારે રિવર્સ રેપો રેટ રેપો રેટની બરાબર વિરુદ્ધ છે. રિવર્સ રેટ એ દર છે કે જેના પર **RBI** બેંકો પાસેથી થાપણો પર વ્યાજ મેળવે છે. રિવર્સ રેપો રેટ દ્વારા બજારોમાં તરલતા નિયંત્રિત થાય છે. સ્થિર રેપો રેટનો અર્થ એ છે કે બેંકો પાસેથી લોનના દરો પણ સ્થિર રહેશે. જ્યારે **RBI** રેપો રેટ ઘટાડે છે, ત્યારે બેંકો પણ મોટાભાગે વ્યાજ દરો ઘટાડે છે. એટલે કે ગ્રાહકોને આપવામાં આવતી લોનના વ્યાજ દરો ઓછા હોય છે, સાથે જ **EMI** પણ ઘટે છે. તેવી જ રીતે, જ્યારે રેપો રેટ વધે છે, ત્યારે વ્યાજ દરોમાં વધારાને કારણે ગ્રાહક માટે લોન મોંઘી બની જાય છે.

## તંત્રી લેખ...

# એક હતી મોનિકા લેવિન્સ્કી અને એક છે સ્ટોર્મી ડેનિયલ

સેક્સની જાળમાં અમેરિકાના બે ભૂતપૂર્વ પ્રમુખો ફસાયા છે. એકની સામે ઈમ્પીચમેન્ટ લવાયું હતું ને બીજાની ધરપકડ થઈ હતી. બિલ ક્લિન્ટન અમેરિકાના પ્રમુખ પદે હતા ત્યારે તેમનાથી અડધી કરતાંય ઓછી ઉંમરની ઈન્ટર્ન સાથે રંગત માણતા પકડાયા હતા અને હવે ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ એક પોર્ન સ્ટારની જાળમાં ફસાયા છે. બંને કિસ્સામાં આબરૂ અમેરિકાની જઈ રહી છે.

સમૃદ્ધ અને વિકસિત દેશોની યાદીમા ટોપ પર આવતા આ દેશના પ્રમુખો સેક્સલીલામાં ફસાય ત્યારે વિશ્વ માટે જોણું બની જાય છે. અમેરિકાના ઈતિહાસમાં એક હતી મોનિકા લેવિન્સ્કી અને હવે છે સ્ટોર્મી ડેનિયલ. અનેક રીતે અનુકરણીય એવો અમેરિકા તેના સત્તાધીશોનાં સેક્સ સ્કેન્ડલના કારણે બદનામ થઈ રહ્યો છે. આમ તો, અનેક દેશના નેતાઓ સેક્સ સ્કેન્ડલમાં બદનામ થયેલા છે. ડોનાલ્ડ ટ્રમ્પ આ યાદીનો લેટેસ્ટ ચહેરો છે.

રાજકીય સત્તાધીશો એમ માનતા હોય છે કે આપણું કોઈ કશું બગાડી શકે નહીં, પણ શરીર સુખનો બિઝનેસ કરતી ઉસ્તાદ યુવતીઓ તેમને કોલરથી પકડી લે છે. ૧૯૯૫માં બિલ ક્લિન્ટન સેક્સ સ્કેન્ડલમાં સંડોવાયા ત્યારે તેમની ઉંમર ૪૯ વર્ષ હતી અને તેમની ઓફિસમાં કામ કરતી ઈન્ટર્ન મોનિકા લેવિન્સ્કીની ઉંમર ૨૨ વર્ષ હતી. ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે પોર્નસ્ટાર સાથે સેક્સ માટે જોડાયા ત્યારે તેમની ઉંમર ૬૦ વર્ષ હતી અને સ્ટોર્મી ડેનિયલની ઉંમર ૨૭ વર્ષ હતી. બિલ ક્લિન્ટનનું સેક્સ સ્કેન્ડલ બહાર આવ્યું ત્યારે પણ હાલ ટ્રમ્પના કિસ્સામાં છે મચ્યો એવો જ ખળભળાટ પેદા થઈ ગયો હતો.

બિલ ક્લિન્ટન અને મોનિકા વચ્ચેનું અફેર ૧૯૯૭ના અંત સુધી ૧૮ મહિના ચાલ્યું હતું. આ સ્કેન્ડલ લિન્ડા ટ્રીપ નામની મોનિકાની સાથી મહિલા કર્મચારીએ ઓડિયો ટેપ મારફતે પકડયું હતું. શરૂઆતમાં વગર પગારે ઈન્ટર્ન તરીકે કામ કરતી મોનિકાની પછી બીજા ડિપાર્ટમેન્ટમાં ટ્રાન્સફર થઈ હતી. ૧૯૯૬માં તેણે પોતાની સહકર્મચારી લિન્ડા ટ્રીપને કહ્યું કે મારે ક્લિન્ટન સાથે સેક્સના સંબંધો છે. લિન્ડાએ માની લીધું કે મોનિકા ગપ્પાં હાંકે છે, પરંતુ લિન્ડા ટ્રીપ નોંધતી હતી કે બપોર પછી મોનિકાનો ચહેરો લાલ થઈ જતો હતો અને તેના હોઠ પરથી લિપસ્ટિક અદ્રશ્ય થઈ જતી હતી. ત્યાર બાદ મોનિકા ક્લિન્ટન સાથેના સેક્સ સંબંધો બાબતે જે કંઈ બોલતી તે લિન્ડા ટેપ કરી લેતી. ટેપમાં સ્પષ્ટ રેકોર્ડ થયું હતું કે ક્લિન્ટન રોજ બપોરે ઓફિસની પાછળના ભાગમાં મોનિકા સાથે સેકસસંબંધ બાંધતા હતા. લિન્ડા ટ્રીપે આ ટેપ 'ન્યૂઝ વીક' સામયિકના રિપોર્ટરોને સંભળાવ્યા પછી ક્લિન્ટનની પોલ ખુલી હતી. પોતાને ક્લિન્ટન સેક્સ્યુઅલી પરેશાન કરતા હતા.

એવો કેસ પણ મોનિકાએ કર્યો હતો, પરંતુ પાછળથી તેણે એફિડેવિટ કરીને કહ્યું હતું કે મારે બિલ ક્લિન્ટન સાથે સેક્સના કોઈ સંબંધો નહોતા... પરંતુ ત્યાં સુધીમાં મામલો બહુ વિવાદ પકડી ચૂક્યો હતો. મોનિકાની મમ્મીએ પણ કહ્યું હતું કે મારી દિકરીને ક્લિન્ટન સાથે સેકસના સંબંધો છે તેની મને ખબર હતી. કેસ લાંબો ચાલ્યો હતો.

`ક્લિન્ટન સામે ઈમ્પીચમેન્ટ લેવાયું હતું. બિલનાં પત્ની હિલેરીએ તેમને જાહેરમાં માફી આપી હતી. આજે મોનિકા લેવિન્સ્કી અમેરિકામાં જોબ કરે છે. બિલ અને મોનિકા બંને પોતપોતાનાં જીવનમાં આગળ વધી ગયાં છે. મોનિકાએ ઈમ્પીચમેન્ટ ઉપર ક્રાઈમ સ્ટોરી કરી છે, જે ૧૦ એપિસોડમાં ફેલાયેલી છે. ડોનાલ્ડ ટ્રમ્પની ફ્રેન્ડ સ્ટોર્મી ડેનિયલ મોનિકા જેવી ભોળી નહોતી. તે સેક્સ બિઝનેસ સાથે સંકળાયેલી હતી. તે પૈસા લઈને ટ્રમ્પને સેક્સ સુખ આપવા તૈયાર હતી.મેલિના ટ્રમ્પ સાથેના લગ્ન પછી અને પુત્ર બોરોનના જન્મના કેટલાક મહિના બાદ ૨૦૦૬માં ટ્રમ્પ અને સ્ટોર્મીની મુલાકાત થઈ હતી. સ્ટોર્મી લખે છે કે મને ટ્રમ્પે ડિનર માટે બોલાવી હતી. ત્યાં મારી ઈચ્છા વિરૂદ્ધ ટ્રમ્પે સેક્સ સંબંધો બાંધ્યા હતા. આ સંબંધો છૂપાવવા ટ્રમ્પે ડેનિયલને ૧,૩૦,૦૦૦ ડોલર ચૂકવ્યા હતા. આ પૈસા ક્યાંથી આવ્યા અને ક્યા ખાતામાંથી ચૂકવાયા તે જાહેર થઈ જતાં વિવાદ ઊભો થયો હતો. સ્ટોર્મી જોકે ચૂપ રહી નહોતી. કહે છે કે તે ટ્રમ્પને કોર્ટમાં ખેંચી જઈને બદનામ કરવા માગતી હતી. ટ્રમ્પ કહે છે કે હું રાજકીય કિન્નાખોરીનો ભોગ બન્યો છું. હવે સામસામે આક્ષેપબાજી થતી જોવા મળશે. આ બધા કિસ્સાઓ જોતાં તળપદી ભાષામાં એમ કહી શકાય કે અમેરિકાના સત્તાધીશો કાછડીએ છૂટા છે.

### ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસે વડાપ્રધાનનું સંબોધન

# એવું કોઈ કામ નથી જે પવનના પુત્ર હનુમાન ન કરી શકેઃ નરેન્દ્ર મોદી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

ભારતીય જનતા પાર્ટી આજે તેનો સ્થાપના દિવસ ઉજવી રહી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ ભાજપ મુખ્યાલયમાં પાર્ટીના સ્થાપના દિવસના અવસર પર ધ્વજ ફરકાવ્યો હતો. આ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરના કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા.

તેમણે કહ્યું કે 'કવન સો કાજ કઠિન જગ માહી, જો નહિ હોય તાત તુમ્હ પાહી' એટલે એવું કોઈ કામ નથી જે પવનના પુત્ર હનુમાન ન કરી શકેપીએમમોદીએ ભાજપના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું કે આજે આપણે બધા પાર્ટીનો સ્થાપના દિવસ ઉજવી રહ્યા છીએ.

હું ભારત માતાની સેવામાં સમર્પિત ભાજપના દરેક કાર્યકર્તાને અભિનંદન આપું છું. ભાજપની શરૂઆતથી આજ સુધી જે મહાન વ્યક્તિઓએ પક્ષનું સિંચન કર્યું છે. પાર્ટીને માવજત, સશક્ત અને સમૃદ્ધ બનાવી અને હું નાનામાં નાના કાર્યકરથી લઈને વરિષ્ઠ હોદ્દા સુધી દેશ અને પક્ષની સેવા કરનાર તમામ મહાન હસ્તીઓને હું નમન કરું છું.આજે આપણે દેશના ખૂણે ખૂણે ભગવાન હનુમાનજીની જન્મજયંતિની ઉજવણી કરી રહ્યા છીએ. હનુમાનજીનું જીવન અને તેમના જીવનની મુખ્ય ઘટનાઓ આજે પણ આપણને એવોર્ડ માટે પ્રેરણા આપે છે. ભારતની વિકાસ યાત્રા માટે પ્રેરણા આપે છે. હનુમાનજીમાં અપાર શક્તિ છે, પરંતુ તેઓ આ શક્તિનો ઉપયોગ ત્યારે જ કરી શકે છે જ્યારે તેમની આત્મશંકાનો અંત આવે. ભારતમાં ૨૦૧૪ પહેલા પણ આવી જ સ્થિતિ હતી, પરંતુ આજે ભારતને બજરંગબલીજી જેવી પોતાની અંદર છુપાયેલી શક્તિઓનો અહેસાસ થયો છે. આજે ભારત સમુદ્ર જેવા વિશાળ પડકારોને પાર કરવા અને તેનો સામનો કરવા માટે પહેલા કરતા વધુ સક્ષમ છે.

# તાજમહેલ તોડીને મંદિર બનાવો ધારાસભ્ય રૂપજ્યોતિ કુર્મી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

આસામમાં ભારતીય જનતા પાર્ટીના નેતાએ તાજમહેલને તોડી પાડવાની વાત કરી છે. ધારાસભ્ય રૂપજ્યોતિ કુર્મીએ કહ્યું કે તાજમહેલ પ્રેમનું પ્રતિક નથી, હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તાજ મહેલને તાત્કાલિક તોડી પાડવા વિનંતી કરું છું.

ભાજપના ધારાસભ્ય રૂપજ્યોતિ કુર્મીએ માત્ર તાજમહેલ જ નહીં પરંતુ કુતુબમિનારને પણ તોડી પાડવાની વાત કરી છે. તેમણે કહ્યું કે, આ અંગે તપાસ થવી જોઈએ કે શું મુગલ બાદશાહ શાહજહાં તેની પત્ની મુમતાઝને ખરેખર પ્રેમ કરતા હતા? રૂપજ્યોતિ કુર્મીએ સવાલ ઉઠાવ્યો કે, જો તે મુમતાઝને પ્રેમ કરતી હતી તો મુમતાઝના મૃત્યુ પછી તેણે વધુ ત્રણ લગ્ન કેમ કર્યા? મુઘલો ૧૫૨૬ માં ભારતમાં આવ્યા હતા, ત્યારબાદ તેઓએ તાજમહેલ બનાવ્યો હતો. શાહજહાંએ તેની ચોથી પત્ની મુમતાઝ માટે તાજમહેલ બંધાવ્યો હતો. શાહજહાંએ કુલ ૭ લગ્ન કર્યા હતા. રૂપજ્યોતિ કુર્મીએ કહ્યું, હું પીએમ મોદીને તાજમહેલ અને કુતુબમિનારને તાત્કાલિક તોડી પાડવા વિનંતી કરું છું. દુનિયાના સૌથી સુંદર મંદિરો તોડીને બનાવવા જોઈએ. ધારાસભ્યએ પોતાના મહિનાનો પગાર મંદિરના નિર્માણ માટે દાન કરવાની વાત પણ કરી છે. રૂપજ્યોતિ કુર્મી ચાર વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે અને રાજકીય નિષ્ણાતો તેમને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના કટ્ટર ટીકાકાર તરીકે પણ ઓળખે છે. તેમણે ૨૦૨૧માં કોંગ્રેસ સાથે સંબંધ તોડી નાખ્યા, ત્યારબાદ તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા. કોંગ્રેસમાં હતા ત્યારે રૂપજ્યોતિ કુર્મી મેરિયાની વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય બન્યા હતા. રૂપજ્યોતિ કુર્મી ભાજપમાં જોડાયા બાદ ફરીથી ચૂંટાયા હતા. ભારતીય જનતા પાર્ટી આજે તેનો ૪૪મો સ્થાપના દિવસ ઉજવી રહી છે. વર્ષ ૧૯૮૦માં આ દિવસે ભારતીય જનતા પાર્ટીની શરૂઆત થઈ હતી. પહેલા તેનું નામ જનસંઘ હતું જે ૧૯૭૭માં જનતા પાર્ટીમાં ભળી ગયું હતું. ભાજપના મહાસચિવ તરુણ ચુગે જણાવ્યું હતું કે, તેના સ્થાપના દિવસના અવસર પર, પાર્ટીએ ૬ એપ્રિલ ૨૦૨૩ થી ૧૪ એપ્રિલ, ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ સુધી એક વિશેષ સપ્તાહ મનાવવાનો નિર્ણય કર્યો છે.

# દિલ્હીને હરાવી ગુજરાતે સળંગ બીજો વિજય નોંધાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

બોલર્સના શાનદાર પ્રદર્શન બાદ સાઈ સુદર્શનની આક્રમક અડધી સદીની મદદથી ગુજરાત ટાઈટન્સ ટીમે આઈપીએલ-૨૦૨૩ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સળંગ બીજો વિજય નોંધાવ્યો હતો. દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલા મુકાબલામાં ગુજરાતની ટીમે બેટિંગ અને બોલિંગ બંનેમાં લાજવાબ પ્રદર્શન કર્યું હતું અને દિલ્હી કેપિટલ્સને છ વિકેટે હરાવ્યું હતું. ટુર્નામેન્ટમાં હાર્દિક પંડ્યાની આગેવાનીવાળી ગુજરાત ટીમનો આ સળંગ બીજો વિજય છે. અગાઉ ટુર્નામેન્ટની ઓપનિંગ મેચમાં ગુજરાતે ચેન્નઈ સુપર કિંગ્સને પરાજય આપ્યો હતો. ગુજરાતે ટોસ જીતીને દિલ્હીને પ્રથમ બેટિંગનું આમંત્રણ આપ્યું હતું. દિલ્હીની ટીમે ૨૦ ઓવરમાં ૧૬૨ રનનો સ્કોર નોંધાવ્યો હતો. જેના જવાબમાં ગુજરાતની ટીમે ૧૮.૧ ઓવરમાં ચાર વિકેટે ૧૬૩ રન નોંધાવીને મેચ જીતી લીધી હતી. સુદર્શને અણનમ ૬૨ રન નોંધાવ્યા હતા. આ વિજય સાથે ગુજરાત ટાઈટન્સ પોઈન્ટ ટેબલમાં ટોચ પર આવી ગયું છે. ૧૬૩ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાનમાં ઉતરેલી ગુજરાતની ટીમની શરૂઆત સારી રહી ન હતી. એનરિચ નોર્ટજેએ ટીમને શરૂઆતમાં જ બે મોટા ઝટકા આપ્યા હતા. તેણે બંને ઓપનર્સને સસ્તામાં પેવેલિયન ભેગા કરી દીધા હતા. રિદ્ધિમાન સહા અને શુભમન ગિલની જોડીની શરૂઆત નિરાશાજનક રહી હતી. સહા સાત બોલમાં બે ચોગ્ગા અને એક સિક્સરની મદદથી ૧૪ રન નોંધાવીને આઉટ થયો હતો. જ્યારે ગિલે ૧૩ બોલમાં ત્રણ ચોગ્ગાની મદદથી ૧૪ રન ફટકાર્યા હતા. આ બંને બેટરને નોર્ટજેએ બોલ્ડ કર્યા હતા. ત્યારબાદ કેપ્ટન હાર્દિક પંડ્યા પણ ફક્ત પાંચ રન નોંધાવીને પેવેલિયન ભેગો થયો હતો. જોકે, સાઈ સુદર્શને એક છેડો જાળવી રાખ્યો હતો. તેણે શરૂઆતમાં મક્કમતાથી બેટિંગ કરી હતી અને ટીમના સ્કોરને મક્કમગતિએ આગળ ધપાવ્યો હતો. બાદમાં તેણે અંતિમ ઓવર્સમાં આક્રમક બેટિંગ કરી હતી. તેને પહેલા વિજય શંકર અને બાદમાં ડેવિડ મિલરનો મજબૂત સાથ મળ્યો હતો. વિજય શંકરે ૨૩ બોમાં ૨૯ રન નોંધાવ્યા હતા.

# દેવું ઘટાડ્યા પછી અદાણી ફરી લોન લેવાની તૈયારીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

હિન્ડનબર્ગના રિપોર્ટના પગલે ભારે ફટકો સહન કર્યા પછી અદાણી જૂથ ધીમે ધીમે આગળની યોજનાઓ પર કામ કરી રહ્યું છે. અદાણીએ ફરીથી લોન લેવાની યોજના બનાવી છે અને આ માટે છ બેંક્રો સાથે વાતચીત પણ શરૂ થઈ ગઈ છે. હિન્ડનબર્ગ રિસર્ચના રિપોર્ટમાં અદાણીના જંગી દેવા સામે સવાલ ઉઠાવાયા પછી અદાણીની તમામ લિસ્ટેડ કંપનીઓના શેર ઘટ્યા હતા અને લગભગ ૬૦ ટકા મૂડીનું ધોવાણ થયું હતું. હવે અદાણી જૂથ જોઈન્ટ વેન્ચર તરીકે લોન લેવાની તૈયારીમાં છે. થોડા સમય અગાઉ અદાણીએ રોકાણકારોનો ભરોસો જીતવા માટે મોટા પાયે લોનનું રિપેમેન્ટ શરૂ કરી દીધું હતું. માર્ચ મહિનામાં અમેરિકન જૂથ યઊર પાર્ટનર્સ દ્વારા અદાણીની જુદી જુદી કંપનીઓમાં શેર ખરીદવામાં આવ્યા હતા. હવે આ જૂથનું જોઈન્ટ વેન્ચર ડોલર લોન લેવા માંગે છે. બ્લૂમબર્ગના રિપોર્ટ પ્રમાણે ૬ બેંક્રો પાસેથી અદાણી જૂથ દ્વારા ૨૨૦ મિલિયન ડોલર એટલે કે ૨૨ કરોડ ડોલરની લોન લેવામાં આવી શકે છે.

આ લોન પાંચ વર્ષના સમયગાળા માટે હશે. આગામી અમુક સપ્તાહની અંદર જ અદાણી જૂથ અને બેંકો વચ્ચે આ લોન માટે એગ્રીમેન્ટ થઈ જવાની શક્યતા છે. અદાણી ગ્રૂપની કંપનીઓ **AdaniConnex** અને અમેરિકન કંપની **EdgeConnex** જોઈન્ટ વેન્ચરમાં લોન લેવા માટે પ્રયાસ કરે છે. આ મામલે અદાણી તરફથી કોઈ સત્તાવાર નિવેદન હજુ સુધી નથી આવ્યું. ૨૪ જાન્યુઆરીએ હિન્ડનબર્ગે પોતાનો રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો. ત્યાર બાદ કંપનીએ પોતાનો એફપીઓ રદ કરવો પડ્યો હતો. અદાણી જૂથ માટે આ બહુ આંચકાજનક ઘટના હતી અને તેના કારણે તેની પ્રતિષ્ઠાને ભારે નુકસાન થયું છે. અદાણી જૂથની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસએ જાન્યુઆરીમાં એફપીઓ દ્વારા ૧૦ અબજ રૂપિયા કરવાની હતી પરંતુ વિવાદના કારણે ઈશ્યૂ રદ કરવો પડ્યો હતો. બ્લૂમબર્ગના ડેટા પ્રમાણે અદાણી ગ્રીન એનર્જી, અદાણી પોર્ટ્સ અને અદાણી એન્ટરપ્રાઈઝિસ દ્વારા કોઈ અમેરિકન ડોલર બોન્ડ કે લોન લેવામાં આવી નથી. અદાણી જૂથ તાજેતરમાં વારંવાર વિવાદમાં આવતું રહે છે. સૌથી પહેલા તેના દેવા અંગે વિવાદ થયો હતો. ત્યાર પછી અદાણીએ વાસ્તવમાં કેટલી લોન ચુકવી છે અને કેટલી લોન ચુકવવાની બાકી છે તેનો વિવાદ થયો હતો. અદાણીના ગીરવે મુકાયેલા તમામ શેર શા માટે રિલિઝ કરવામાં આવ્યા નથી તે વિશે પણ અટકળો કરવામાં આવી છે. આ ઉપરાતં સેબીની એક સમિતિ પણ શેરની મુવમેન્ટ વિશે તપાસ કરી રહી છે.

# મુકેશ અંબાણી ફરી એશિયાના સૌથી અમીર વ્યક્તિ બન્યા




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ફરી એકવાર એશિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. એશિયાના સૌથી અમીર વ્યક્તિ તરીકે ગૌતમ અદાણીએ મુકેશ અંબાણીને પછાડી દીધા હતા, પરંતુ ફરી એકવાર મુકેશ અંબાણીએ આ સ્થાન પર કબજો જમાવ્યો છે. ભારતના મુકેશ અંબાણીએ ફોર્બ્સ બિલિયોનેર્સ લિસ્ટ ૨૦૨૩માં ૯મું સ્થાન મેળવ્યું છે અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે. ૬૫ વર્ષીય મુકેશ અંબાણી **$83.4** બિલિયનની નેટવર્થ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની ફોર્બ્સ બિલિયોનરની યાદીમાં ૯મા સ્થાને આવી ગયા છે. આ રીતે તેણે ફરી એકવાર ટોપ ૧૦માં પોતાની જગ્યા બનાવી લીધી છે. **LVMH** ના બર્નાર્ડ આર્નોલ્ટ આ યાદીમાં પ્રથમ સ્થાને છે અને તેમની કુલ સંપત્તિ **$211** બિલિયન છે. ગયા વર્ષે, મુકેશ અંબાણી ફોર્બ્સની આ પ્રખ્યાત અબજોપતિઓની યાદીમાં ૧૦મા સ્થાને હતા અને તેમની કુલ સંપત્તિ ૯૦.૭ બિલિયન ડોલર હતી. મુકેશ અંબાણી હાલમાં આ વર્ષની યાદીમાં માઈક્રોસોફ્ટના સ્ટીવ બાલ્મર, ગૂગલના લેરી પેજ અને સર્ગેઈ બ્રિનથી આગળ છે.

આટલું જ નહીં ફેસબુકના માર્ક ઝકરબર્ગ અને ડેલ ટેક્નોલોજીના માઈકલ ડેલ પણ આગળ છે. અદાણીના અમીરોની સંપત્તિમાં ભારે ઘટાડો થયો છે અને તેઓ ફોર્બ્સની અબજોપતિઓની યાદીમાં ૨૪મા સ્થાને આવી ગયા છે. હિંડનબર્ગ રિસર્ચ રિપોર્ટ બહાર આવ્યા બાદ અદાણી જૂથની નેટવર્થમાં થયેલા ઘટાડાને કારણે ફોર્બ્સની અમીરોની યાદીમાં ગૌતમ અદાણી ૨૪માં સ્થાને સરકી ગયા છે. ૨૪ જાન્યુઆરીના રોજ, ગૌતમ અદાણી વિશ્વના ત્રીજા સૌથી ધનિક હતા અને તેમની કુલ સંપત્તિ **$126** બિલિયન હતી. તે જ દિવસે એટલે કે ૨૪ માર્ચે અમેરિકન શોર્ટ સેલર ફર્મ હિંડનબર્ગ રિસર્ચ તેનો રિપોર્ટ બહાર આવ્યો અને ત્યારથી અદાણી ગ્રુપના શેરમાં ઘટાડો શરૂ થયો. ફોર્બ્સની યાદી અનુસાર, વિશ્વના ૨૫ સૌથી ધનિક લોકોની સંયુક્ત નેટવર્થ **$2.1** ટ્રિલિયન છે, જે ૨૦૨૨માં **$2.3** ટ્રિલિયન હતી. એટલે કે આ વર્ષે વિશ્વના ૨૫ સૌથી અમીર લોકોની કુલ નેટવર્થમાં **$200** બિલિયનનો ઘટાડો થયો છે. જેફ બેઝોસને સૌથી વધુ નુકસાન થયું છે કારણ કે એમેઝોનના શેરમાં ૩૮%નો ઘટાડો થયો છે. આ ઘટાડાથી બેઝોસની કુલ સંપત્તિમાં **$57** બિલિયનનો ઘટાડો થયો. ૨૦૨૨માં તે અમીરોની યાદીમાં વિશ્વમાં બીજા ક્રમે હતો અને આ વર્ષે તે ૩મા નંબરે પહોંચી ગયા છે.

# નાગૌરમાં સનકીના હુમલામાં બે પરીણિત પુત્રીનાં મોત, પત્ની-પૌત્ર ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નાગૌર,

રાજસ્થાનના નાગૌર જિલ્લામાં એક વ્યક્તિએ પત્ની,પૌત્ર અને પોતાની પરિણીત બે પુત્રીઓ પર જીવલેણ હુમલો કર્યો હતો. આ ઘટનામાં બે પરિણીત દીકરીઓના ઘટના સ્થળે જ મોત થઈ ગયા છે. બીજી તરફ પત્ની અને પૌત્રની હાલત ગંભીર છે. તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આરોપી માનસિક રીતે અસ્વસ્થ છે અને કોઈ નજીવી વાતને લઈને ઝઘડો થતાં તેણે આ ભયંકર પગલું ભર્યું હતું.

નાગૌર જિલ્લાના પરબતસર પોલીસ સ્ટેશન વિસ્તારના દિલ ધની ગામમાં રહેતા માનનારામે સોમવારે રાત્રે પોતાના જ પરિવાર પર જીવલેણ હુમલો કર્યો હતો. આ ઘટનામાં બંને પરિણીતાઓનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. સાથે જ પત્ની અને પૌત્ર ગંભીર રીતે ઘાયલ થયા છે. ડબલ મર્ડરની ઘટનાની માહિતી મળતા પરબતસર પોલીસ સ્ટેશનના અધિકારી વિનોદ કુમાર અને એડિશનલ એસપી ગણેશારામ ચૌધરી પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

માનારામના પુત્ર હજારીએ પોલીસને જણાવ્યું કે, સોમવારે સાંજે માનસિક રીતે અસ્વસ્થ પિતા માનારામનો પરિવાર સાથે નજીવી બાબતે ઝઘડો થઈ ગયો હતો. પછી મને ખબર જ ન પડી કે, પિતા માનારામે ક્યારે મારા રૂમની બહાર સ્ટોપર લગાવી દીધુ. હું રોજ સવારે દૂધ વેચવા જાઉં છું. સવારે જ્યારે મેં દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો તો તે ન ખુલ્યો.

મેં જોરથી બૂમો પાડી ત્યારબાદ પાડોશીઓ ઘરની અંદર આવ્યા અને દરવાજો ખોલ્યો.

જ્યારે રૂમની બહાર આવીને જોયુ તો રૂમમાં બંને બહેનોના મૃતદેહ પડેલા હતા. માતા અને ભત્રીજાના ગળામાંથી લોહી વહી રહ્યું હતું. પિતા માનારામે પરિણીત મોટી બહેનો મીરા અને રેખાની કુહાડી વડે હત્યા કરી નાખી હતી. માતા કેસર દેવી અને ૭ વર્ષનો ભત્રીજો રાજકુમાર ગંભીર રીતે ઘાયલ હતો. પિતાએ રાત્રે જ બધા પર હુમલો કર્યો હતો અને તે ઘરે જ હાજર હતો.

એસપી ગણેશારામ ચૌધરીએ જણાવ્યું કે, ડબલ મર્ડર કેસના આરોપીની ધરપડ કરવામાં આવી છે. આરોપી માનારામ છેલ્લા ૫ વર્ષથી માનસિક રીતે બિમાર છે. હત્યામાં ઉપયોગ કરવામાં આવેલી કુહાડી જપ્ત કરી લેવામાં આવી છે અને આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે.

આ મામલે આગળની કાર્યવાહી હબાથ ધરવામાં આવી છે.

# ખાદ્યતેલના ભાવમાં ફરી ભડકો, ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાજકોટ,

સીંગતેલના ભાવમાં ૩૦ રૂપિયા નો વધારો થયો છે જ્યારે છેલ્લા ત્રણ દિવસમાં સિંગતેલના ભાવમાં કુલ ૯૦ રૂપિયાનો વધારો થયો છે. સિંગતેલનો ડબ્બો ૨૯૧૦-૨૯૬૦ પર પહોંચ્યો છે.

જ્યારે કપાસિયા તેલમાં ડબ્બે રૂ ૧૫નો વધારો થતા કપાસિયા તેલનો ડબ્બો ૧૮૪૦-૧૮૯૦ પહોંચ્યો છે અને પામોલીન તેલના ભાવમાં રૂ. ૧૫ વધતા ડબ્બો ૧૬૦૦-૧૬૦૫ પહોંચ્યો છે અને સનફ્લાવર તેલના ડબ્બાનો ભાવમાં રૂ. ૧૦નો વધારો થતા રૂ. ૧૮૨૦-૧૮૪૦ ડબ્બાનો ભાવ થયો છે.

સીંગતેલના ભાવ વધારાને લઈને વેપારીએ ઝી ૨૪કલાક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ સીઝનમાં મગફળીનું ઉત્પાદન ઓછું થયું હોવાને લીધે ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ભાવ વધારો વધુ જોવા મળશે ઉપરાંત હાલમાં માવઠાને લીધે મોટાભાગના યાર્ડ બંધ રાખવામાં આવ્યા છે તેના લીધે મગફળીની આવક પણ ઓછી છે.

આ બધા પરિબળને લીધે સીંગતેલના ભાવમાં વધારો થયો છે છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૯૦ રૂપિયાનો વધારો થયો છે સીંગતેલના ભાવ વધારાને લીધે ધંધામાં પણ ૩૦ ટકા અસર જોવા મળી છે આવનારા દિવસોમાં સીંગતેલના ડબ્બા નો ભાવ ? ૩૨૦૦ ની સપાટી વટાવે તેવી પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે.

સામાન્ય રીતે મોટાભાગના લોકો દિવાળી બાદ મગફળીની સારી આવક થતી હોવાને લીધે ભાવ પણ ઓછા હોય છે જેથી આ સમયગાળામાં આખા વર્ષ માટેના તેલની ખરીદી કરતા હોય છે.

પરંતુ ગત વર્ષની તુલનાએ આ વર્ષે ૫૦૦ જેટલો ભાવ વધારો છે સાથોસાથ આ સમયગાળામાં લોકો આખા વર્ષના ઘઉં તેમજ મરી મસાલાની પણ ખરીદી કરતા હોય છે પરંતુ સીંગતેલમાં સતત વધતા જતા ભાવને લીધે ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે સાથોસાથ ઘઉં તેમજ મરી મસાલામાં પણ ૩૦ટકા જેવો ભાવ વધારો જોવા મળ્યો છે.

ખાદ્ય તેલ, મરી મસાલા, ઘઉં સહિતની આખા વર્ષ માટેની વસ્તુની ખરીદી આ સમયગાળામાં કરવામાં આવતી હોય છે પરંતુ આ તમામ વસ્તુમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૩૦ ટકા જેવો ભાવ વધારો થતાં ક્યાંક ને ક્યાંક ગૃહિણીઓએ ખરીદીમાં ૫૦% જેટલો કાપ મૂકી દીધો છે મોંઘવારી દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે તે બજેટમાં ઘર ચલાવવું ગૃહિણીઓને ખૂબ જ મુશ્કેલ પડી ગયું છે.

# ૨૫માંથી ૧૩ નદીઓનું પાણી પીવાલાયક તો શું નહાવાલાયક પણ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,

ગુજરાતની કેટલીક નદીઓનું પાણી પીવાલાયક તો દૂર નહાવાલાયક પણ નથી. ગુજરાતની સાબરમતી, ખારી, ભાદર, અમલાખાડી, વિશ્વામિત્રી અને ઢાઢર સૌથી વધુ પ્રદૂષિત નદીઓ છે. જ્યારે મીંઢોળા, માહી, શેઢી, ભોગાવો, ભૂખી ખાડી, દમણગંગા, તાપી નહીં ન્હાવાલાયક પ્રદૂષિત નદીઓના લિસ્ટમાં છે. આ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરીને ગુજરાતની નદીઓના પ્રદૂષણ અંગે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર કેવી રીતે ઉદાસીન છે? તે અંગે જણાવ્યું હતું. કોંગ્રેસના કહેવા પ્રમાણે, લોકસભામાં કેન્દ્ર સરકારે નદીઓનાં પ્રદૂષણ ઘટાડવા અંગે વર્ષ ૨૦૨૨-૨૩માં એક પણ રુપિયો ફાળવ્યો છે. ભારતમાં ૬૦૩ નદીઓમાં પાણી શુધ્ધ નથી. સમગ્ર ભારતમાં બીજા નંબરની સૌથી પ્રદૂષિત નદી સાબરમતી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા પાર્થીવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, લોકસભામાં સાંસદના સવાલના જવાબમાં આ ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. ગુજરાત રાજ્યની ૨૫ નદીઓમાંથી ૧૩ નદીઓના પાણી નહાવાલાયક નથી. એક સમયે નદીના પાણી પીવાલાયક હતા પણ પ્રદૂષણના લીધે હવે તે નહાવાલાયક પણ નથી રહ્યા. લોકસભાના અહેવાલ મુજબ કેન્દ્રના પર્યાવરણ મંત્રીએ જણાવ્યું હતું કે, દેશની ૬૦૩ નદીઓના પાણીની શુદ્ધતાની ગુણવત્તા તપાસવામાં આવી તે પૈકી ૨૭૯ નદીઓના નીર ન્હાવાલાયક નથી. ગુજરાત રાજ્યમાં સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા ૨૫ નદીઓના પાણીની ગુણવત્તા ૬૪ સ્થળો ઉપર ચકાસવામાં આવી હતી. સાબરમતીનું વેલ્યુ સ્તર સામાન્ય કરતા ૯૭ ઘણું વધારે છે. સંશોધનમાં ગુજરાતનટ્ટી ૧૩ નદીઓ પ્રદૂષિત હોવાનું તારણ મળ્યું છે. આ માટે પાણી ગુણવત્તા તપાસવામાં આવી અને તેમાં ર્ન્દ્વ વેલ્યુ તપાસવામાં આવી હતી. **BOD** એટલે બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ જે ૩ મિલિગ્રામ પ્રતિ લીટર સુધીનું હોવું જોઈએ .






શ્રી હર્ષદભાઈ રતીલાલ શાહ    શ્રીમતી વર્ષાબેન હર્ષદભાઈ શાહ

સાબર ખાદી ગ્રામોદ્યોગ સંઘ
૪૫/૫૩૨/૧, ચિત્રકુટ એપાર્ટમેન્ટ,
સોલા રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩.
स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर
હર્ષદભાઈ આર. શાહ
૯૩૭૭૪૭૯૮૮૩

BRENTLY MOTOR WORKS
A LUXURIOUS CAR WORKSHOP
IF YOU ARE AWESOME IN



WORKSHOP INCHARGE :
Well-known in all Technical knowledge & Perfect Grip on Managing Workshop team
7-8 Year Exp. | Male
Salary Offer : 18K - 20K

Advisor:
Good communication grip and passionate about customer handling.
2-5 years Exp. | male

Helper :
Needy and passionate about cars and interested for car services.
1-2 Years exp.

TECHNICIAN :
Well knowledge about German Cars
5-7 Year Exp. | Male
Salary Offer-13K - 18K + inc.

CRM-TELECALLER :
Well Knowledge about Handling service customers & expert in Customer calling
2-4 Year Exp. | Female
Salary Offer - CRM -10K - 15K + inc.
Telecaller - 7k - 10k + inc.

GERMAN TECHNOLOGY

Must : Computer knowledge Dedication, Passion & Personality
Call Time : 11:30 am to 7:00 pm

SEND YOUR RESUME ON
Anand - Brently Motor works C/o. Auto Hub Near City Poin Hotel, Anand - Sojitra Road.
M : 9099944558 | E : avgrouphelp@gmail.com | W : www.brentlymotorworks.com

Ramesh Shah 98254 11380
Deep Shah 96014 44441
079-22170479
079-22164707
94265 16722

hindustan Paper Agency
Dealers in Binding Cloth, Colour Paper, White Paper, Kraft Paper & All Kinds of Packaging Materials
Dev Bhuvan,Siddique's Pole ,Nawa Darwaja Road
Khadia Char Rasta Khadia Ahmedabad:380 001.
(Our Associates:Ramesh Enterprise & Deep Enterprise)
hindustanpapers1976@gmail.com


Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA • Printed At :- PAVANPUTRA OFFSET., G.I.D.C., SECTOR-28, GANDHINAGAR, GUJARAT - 382028
Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.